RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 333* Date: 30.09.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ગુલાબ વાવાઝોડું ગુજરાત પહોંચીને ફરી એક્ટિવ થવાની શક્યતા

અમદાવાદ ,તા.૨૯

રાજ્યમાં અમદાવાદ સહિત ભાવનગર, વલસાડ, છોટા ઉદેપુર, વડોદરા, નર્મદા, સુરત, દમણ, નવસારી, ભરુચ, ડાંગ, તાપીમાં ભારે વરસાદની આગાહી છે, જ્યારે કચ્છ, મહેસાણા, ગાંધીનગર, મહિસાગર, આણંદ, સાબરકાંઠા, અરવલ્લી, ડાંગ, બનાસકાંઠા, પંચમહાલ, પાટણ, બોટાદ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, અમરેલી, રાજકોટ, ગીર સોમનાથ, મોરબી, જામનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર સહિત દીવમાં હળવો વરસાદ રહેવાની સંભાવના સ્થાનિક હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છેબંગાળની ખાડીમાં ઉભું થયેલું ગુજરાત વાવાઝોડું ગુજરાત તરફ ધસી રહ્યું છે અને તેના લીધે કચ્છ અને સૌરાષ્ટ્રની આસપાસ તેની અસર વર્તાશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્યારે બીજી તરફ બંગાળની ખાડીમાં ગુલાબ બાદ વધુ એક ચક્રવાત ઉભું થાય તેવી સંભાવના દેખાઈ રહી છે. ગુજરાતમાં ૭ તારીખથી નવરાત્રિની ઉજવણીની તૈયારીઓ કરાઈ રહી છે તો બીજી તરફ વાવાઝોડાના કારણે વધુ વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. ગુલાબ વાવાઝોડાના લીધે ગુજરાતમાં ભારે વરસાદની વકી છે, મહિનાના અંતમાં એટલે કે આવતીકાલે ૩૦મી સપ્ટેમ્બર વાવાઝોડું ગુજરાતમાં કચ્છના દરિયા કિનારેથી પસાર થાય તેવી સંભાવના દેખાઈ રહી છે તો બીજી તરફ બંગાળની ખાડીમાં વધુ એક લો પ્રેશરના લીધે વાવાઝોડું આકાર લે તેવું માનવામાં આવી રહ્યું છે. ગુલાબ વાવાઝોડું નબળું પડ્યા પછી તે પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે. આ લો પ્રેશર દરિયા સુધી પહોંચ્યા બાદ ફરી વાવાઝોડામાં પરિવાર્તિત થશે તેવી શક્યતાઓ પ્રબળ બની રહી છે. આ પછી આ વાવાઝોડું શાહિન નામે પૂર્વ પાકિસ્તાન તરફ આગળ વધે તેવી સંભાવના છે. હવામાનની વેબસાઈટ વીન્ડી પ્રમાણે કચ્છની ખાડીની નજીક પહોંચ્યા બાદ લો-પ્રેશર આવતીકાલે વાવાઝોડામાં પરિવર્તિત થવાની સંભાવના છે. આ પછી લો-પ્રેશર નલિયા તરફ આગળ વધીને દરિયામાં પહોંચીને વાવાઝોડાનો આકાર લઈ શકે છે. આ કારણે કચ્છ તથા સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. ગુલાબ બાદ બંગાળની ખાડીમાં વધુ એક લો-પ્રેશર સર્જાયું છે જે આગામી દિવસોમાં શક્તિતાળી બનીને વાવાઝોડામાં પરિવર્તિત થાય તેવી સંભાવના દેખાઈ રહી છે. જોકે, આ અંગે હજુ કોઈ પ્રબળ સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી નથી.

## ભારતમાં કોરોનાના ૨૦૧ દિવસ પછી ૨૦,૦૦૦થી ઓછા કેસ

નવી દિલ્હી , તા.૨૯

દૈનિક પોઝિટિવ રેટ ૧.૪૨ ટકા રહ્યો છે. જે છેલ્લા ૨૯ દિવસથી ત્રણ ટકાની નીચે રહ્યો છે. જ્યારે સાપ્તાહિક પોઝિટીવ રેટ ૧.૮૮ ટકા રહ્યો છે. જે છેલ્લા ૯૫ દિવસથી ત્રણ ટકાની નીચે રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૧૭૯ લોકોના મોત થયા છે. જે પૈકી ૫૮ મોત કેરળમા અને ૩૨ મોત મહારાષ્ટ્રમાં થયા છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૮,૭૯૫ નવા કેસો નોંધવામાં આવ્યા છ.

આ સાથે જ દેશમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા વધીને ૩,૩૬,૯૭,૫૮૧ થઈ ગઈ છે. નેશનલ રિકવરી રેટ ૯૭.૮૧ ટકા થઇ ગયો છે તેમ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે. જો કે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે વધુ ૧૭૯ લોકોનાં મોત થતાં અત્યાર સુધી કોરોનાને કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૪,૪૭,૩૭૩ થઈ ગઈ છે. એક્ટિવ કેસોની સંખ્યા ઘટીનર,૯૨,૨૦૬ થઈ ગઈ છે. જે છેલ્લા ૧૯૨ દિવસના સૌથી ઓછા કેસ છે.


ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ

સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.

BM MAGIC WATERPROOFING

9624163945(M)

8690089211(W)

● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.

● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.

કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.

ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.

માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...


### માછીમારોને ત્રણ દિવસ દરિયો નહીં ખેડવા આદેશ

# ગુજરાતમાં 3 દિવસ ભારે વરસાદની આગાહી

ગાંધીનગર,, તા.૨૯

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આગામી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. તે ઉપરાંત અરબ સાગરમાં શાહિન વાવાઝોડું સર્જાઈ રહ્યું હોવાથી ભારે પવન ફૂંકાવાની શક્યતાઓ છે. જેથી માછીમારોને ત્રણ દિવસ સુધી દરિયો નહીં ખેડવા સૂચના આપવામાં આવી છે.રાજ્યમાં ૬ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને ૨૦ જિલ્લામાં આજે યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. રાજ્યમાં આગામી પાંચ દિવસ ભારે વરસાદ થવાની પણ આગાહી કરવામાં આવી છે. આજે સવારથી જ અમદાવાદમાં પવન ફૂંકાયો છે. તમામ જિલ્લા વહીવટી તંત્રને સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યાં છે. 'ગુલાબ' વાવાઝોડું ઓડિશાના સાગરકાંઠે બે દિવસ પહેલાં ટકરાયા બાદ નબળું પડ્યું હતું અને હવે અરબ સાગર તરફ આગળ વધી રહ્યું છે. જો કે ગુલાબ નબળું પડતા જ ગુજરાત પર હવે શાહિન વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ઓડિશા અને આંધ્ર પ્રદેશના કાંઠે ટકરાયેલા 'ગુલાબ' વાવાઝોડાની પોસ્ટ ઈફેક્ટના કારણે અરબ સાગરમાં વધુ એક વાવાઝોડું 'શાહીન'સર્જાઈ રહ્યું છે.

૩૦ સપ્ટેમ્બરે અરબી સમુદ્રમાં ડિપ ડિપ્રેશન ઉદ્દભવશે અને તે ગુજરાતના કાંઠા વિસ્તારમાં ટકરાઈ શકે છે.હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતિના જણાવ્યા મુજબ, ગુજરાત પર "શાહીન" વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું છે. હાલ ડિપ ડિપ્રેશન છે, જે ૬ કલાકમાં વેલમાર્ક લો પ્રેશન બનશે. "શાહીન" વાવાઝોડાના પગલે સમગ્ર રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આટલું જ નહીં, આગામી ૩ દિવસ સુધી સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલ યથાવત રહેશે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૯૦ તાલુકાઓમાં વરસાદ ખાબક્યો હતો. મંગળવારે ખાબકેલા વરસાદને લીધે રાજ્યમાં વાહનવ્યવહારને મોટી અસર પહોંચી હતી. જેમાં સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ચાર સ્ટેટ હાઈવે,૧૩૮ પંચાયતના માર્ગો મળીને કુલ ૧૪૨ રસ્તાઓ બંધ થયાં છે.

છેલ્લા ૨૪ કલાકમાં સુરત, નર્મદા, વલસાડ, અમદાવાદ, આણંદ, તાપી, ભરૂચ સહિતના જિલ્લાઓમાં ૧૦૦ મિ.મી કરતાં વધુ વરસાદ થયો છે. ઉમરપાડામાં ૨૧૮ મિમી અને પલસાણામાં ૧૯૨ મિમી વરસાદ થતાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. વસાવડા અને ગોંડલમાં ૪ ઈંચ વરસાદ વરસ્યો હતો. અને આટકોટમાં એક કલાકમાં ૪ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. આજે પણ હવામાન વિભાગ દ્વારા સારો વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. સારા વરસાદના કારણે ગરમી અને ઉકળાટથી પણ લોકોને રાહત મળી રહી છે.ગોંડલમાં ધોધમાર વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં ભરાયા પાણી હતા. જયાં ઓશો આશ્રમમાં પાણી ભરાતા રોટલી બનાવવાનું મશીન સહિતના સાધનો પાણીમાં ગળાડૂબ થયા હતા. જયારે ગોંડલની ગોંડલી નદી ગાંડીતુર થઈ હતી, જેને પગલે ગોંડલ, કંટોલિયા અને વોરાકોટડા ગામના લોકોને કરાયા એલર્ટ



કરવામાં આવ્યા હતા. સુરત શહેર સાથે જિલ્લામાં ભારે વરસાદને લઇ ખાડીઓના લેવલમાં વધારો થતાં શહેરના માથે ખાડીપૂરનું સંકટ તોળાઈ રહ્યું છે.

ઉમરપાડામાં ૨૪ કલાકમાં ૯ ઈંચ વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ભારે વરસાદથી શહેરમાંથી પસાર થતીઓ ખાડીઓના સ્તરમાં વધારો થઇ રહ્યો છે. બીજી તરફ, શહેરમાં સરેરાશ ૨.૭ ઈંચ વરસાદ થયો છે. ભેદવાડ ખાડી ભયજનક સપાટી ૬.૭૫ મીટરની લગોલગ છે, જયારે મીઠીખાડી ઓવરફ્લો થઇ શકે છે. ખાડીપૂરના સંક્ટથી પાલિકાનું તંત્ર એલર્ટ થઇ ગયું છે. ઉકાઈની સપાટી જાળવી રાખવા માટે ડેમમાંથી ૨ લાખ પાણી છોડાઈ રહ્યું છે, જેથી તાપી નદી બે કાંઠે વહી રહી છે, જેથી નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરી દેવામાં આવ્યાં છે.

## બ્રિટનમાં પેટ્રોલ પંપો પર ભારે ભીડ જોવા મળી

નવી દિલ્હી , તા.૨૯

સામાન્ય રીતે દૈનિક ૨૦,૦૦૦થી ૩૦,૦૦૦ લીટર ફ્યુઅલ વેચતા ગેસ સ્ટેશન્સ પર હાલ ૧,૦૦,૦૦૦ લીટર કરતા વધારેનું વેચાણ થઈ રહ્યું છે. બ્રિટનના અનેક પેટ્રોલ પંપ પર ફ્યુઅલની ખરીદીને લઈ લોકોમાં દહેશત છે અને અનેક જગ્યાએ તે માટે લડાઈ પણ થઈ રહી છે. સ્થિતિ એ હદે ભયાનક છે કે, બ્રિટિશ મેડિકલ અસોસિએશને (બીએમએ)એ સ્વાસ્થ્યકર્મીઓને પ્રાથમિકતાના આધારે ફ્યુઅલ સુધી પહોંચવા આહ્વાન કર્યું છે જેથી સ્વાસ્થ્ય પ્રણાલી ધ્વસ્ત ન થઈ જાય તે સુનિશ્ચિત કરી શકાય.

સ્થિતિ નિયંત્રણ બહાર જઈ શકે છે તેવા ડરથી બ્રિટિશ સરકારે સંકટનો સામનો કરવા માટે સેનાને તૈયાર રહેવા માટે પણ કહી દીધું છે. સાથે જ એ સ્પષ્ટતા કરવામાં આવી છે કે, સમસ્યા તંગી સંબંધિત નથી અને દેશમાં પર્યાપ્ત તેલ ભંડાર છે. બ્રિટનમાં તેલ કંપનીઓએ પણ એ વાતની પૃષ્ટિ કરી છે કે, તેલની કોઈ જ તંગી નથી. બ્રિટનમાં ફ્યુઅલ સંકટ સર્જાયું છે. છેલ્લા એક સપ્તાહમાં દેશના મોટા ભાગના ગેસ સ્ટેશનો પર ફ્યુઅલને લઈ લોકોમાં ભારે ગભરાટ અને બેચેની છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ દ્વારા મળતા અહેવાલો પ્રમાણે દેશભરના મોટા ભાગના પેટ્રોલ પંપ પર અરાજકતાની સ્થિતિ છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા અનેક વીડિયોમાં જોઈ શકાય છે કે, પેટ્રોલ પંપની બહાર અનેક માઈલ લાંબી લાઈનો છે અને ગભરાયેલા લોકો પાણીની નાની-નાની બોટલ્સમાં પણ શક્ય તેટલું પેટ્રોલ જમા કરી રહ્યા છે.

## કાશ્મીરમાં ઊરી જેવા હુમલો નિષ્ફળ, ૧ આતંકી ઠાર, ૧ જીવતો પકડાયો

ઉરી , તા.૨૯

ભારતીય સૈન્યે જણાવ્યું હતું કે ઉરીમાં છેલ્લા સાત દિવસમાં સાત આતંકી માર્યા ગયા છે જ્યારે એક આતંકી પકડાયો હતો. મેજર જનરલે કહ્યું કે, તેમની પાસેથી ૭ એકે સિરિઝના હથિયાર, ૭ પિસ્તોલ અને રિવોલ્વર તથા ૮૦થી વધુ ગ્રેનેડ જપ્ત કરાયા હતા. આતંકીઓ પાસે પાકિસ્તાની ચલણી નાણું પણ મળી આવ્યું હતું. આ અગાઉ સલામતી દળોએ આતંકીઓના બે સાથીઓની ધરપકડ કરી હતી અને કાશ્મીરમાં આતંકવાદીઓના એક અડ્ડાનો ભંડાફોડ કર્યો હતો. શ્રીનગર પોલિસે પુલવામા પોલિસ અને સૈન્યના ૫૦ આરઆરની મદદથી દક્ષિણ-કાશ્મીરના પુલવામા જિલ્લામાંથી આતંકવાદીઓના બે ઓવરગ્રાઉન્ડ વર્કર્સની ધરપકડ કરી હતી.જમ્મુ-કાશ્મીરના ઉરી સેક્ટરમાં આતંકીઓ સાથેની અથડામણમાં સલામતી દળોને મોટી સફળતા મળી છે. વર્ષ ૨૦૧૬ના ઉરી હુમલા જેવો મોટો આતંકી હુમલો કરવા માટે ભારતમાં ઘૂસી આવેલા આતંકીઓ સાથે અથડામણમાં સુરક્ષા દળોએ એક આતંકીને ઠાર કર્યો હતો જ્યારે એક પાકિસ્તાની આતંકીની ધરપકડ કરી હતી. લશ્કર-એ-તોયબાના આતંકી અલ બાબર પાત્રાએ સલામતી દળો સામે આત્મસમર્પણ કર્યું હતું, તે પાકિસ્તાન સ્થિત પંજાબના ઓખારાનો નિવાસી છે. અથડામણમાં માર્યા ગયેલા આતંકીની ઓળખ બાકી છે. ઉરી ઓપરેશનમાં સફળતા મળ્યા પછી સૈન્યે પત્રકાર પરિષદ યોજી એક્રાઉન્ટરની વિગતો આપી હતી. અહીં ૧૯મી ઈન્ફન્ટ્રી ડિવિઝનના જીઓસી મેજર જનરલ વિરેન્દ્ર વસ્તે જણાવ્યું કે ઓપરેશન દરમિયાન એક આતંકી માર્યો ગયો હતો જ્યારે બીજાની ધરપકડ કરાઈ છે. મેજર જનરલ વિરેન્દ્ર વત્સે જણાવ્યું કે, આ ઓપરેશન ઉરી સેક્ટરમાં અંકુશ રેખાની નજીકના ક્ષેત્રોમાં નવ દિવસ સુધી ચાલ્યું હતું.

આ ઓપેરશન ૧૮મી સપ્ટેમ્બરથી શરૃ થયું હતું. અમારી પેટ્રોલિંગ ટૂકડીને અંકુશ રેખા પર ઘૂસણખોરીની ગતિવિધિઓ જોવા મળતા ઘૂસણખોર આતંકીઓને ઝડપી પાડવા માટે ઓપરેશન શરૃ થયું હતું. એક્રાઉન્ટર શરૃ થયું ત્યારે બે ઘૂસણખોરોએ સરહદ પારથી પ્રવેશ કરતા હતા જ્યારે બાકીના ચાર ઘૂસણખોરો બીજીબાજુ હતા. મેજર જનરલ વત્સે કહ્યું કે, ગોળીબાર પછી ચાર આતંકીઓ ઝાડીઓનો લાભ ઊઠાવીને પાકિસ્તાન તરફ પાછા જતા રહ્યા હતા જ્યારે બે ભારતીય સરહદમાં ઘૂસી આવ્યા હતા. તેમને ઘેરવા માટે વધારાના દળો ગોઠવવામાં આવ્યા હતા. ૨૫મી સપ્ટેમ્બરે એક્રાઉન્ટર દરમિયાન એક આતંકી માર્યો ગયો હતો જ્યારે બીજો એક પકડાઈ ગયો હતો.

આત્મસમર્પણ કરનારા આતંકીએ પોતાને અલી બાબર પાત્રા તરીકે ઓળખાવ્યો હતો, જે પાકિસ્તાનના પંજાબથી છે. તેણે કબૂલ્યું હતું કે તે લશ્કર-એ-તોયબા સાથે સંકળાયેલો છે અને મુઝફ્ફરાબાદમાં તેમને તાલિમ અપાઈ હતી. તેણે કબૂલ્યું હતું કે તે માત્ર અહીં હથિયાર સપ્લાય કરવા આવ્યા હતા. તેમણે સલામાબાદ નાળામાંથી ઊરીમાં ઘૂસણખોરી હતી. વર્ષ ૨૦૧૬માં આ જ માર્ગેથી આતંકીઓ ઘૂસ્યા હતા અને ઊરીમાં સૈન્ય કેમ્પ પર હૂમલો કર્યો હતો.

## લોકસભા, વિધાનસભાની બેઠકો માટે 30 ઓક્ટોબરે પેટા ચૂંટણી યોજાશે

નવી દિલ્હી , તા.૨૯

ચૂંટણીપંચે આ પેટા ચૂંટણીઓ માટે કોવિડને લગતા કેટલાંક પ્રતિબંધો લાદ્યા છે જેમાં બહારના સ્થળ જાહેરસભા હોય તો મેદાનની ક્ષમતા કરતા ૫૦ ટકા જેટલાંજ લોકો એકઠા થઇ શકશે રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષોના ફક્ત ૨૦ જેટલા જ સ્ટાર પ્રચારકો ચૂંટણીના પ્રચારમાં ભાગ લઈ સકશે અન મતદાનના ૭૨કલાક પહેલાં ચૂંટણી પ્રચારના તમામ પડઘમ શાંત કરી દેવાના રહેશે.દેશના ૧૪ રાજ્યોમાં વિવિધ કારણોસર ખાલી પડેલી લોકસભાની ત્રણ બેઠકો માટ અને વિધાનસભાની ૩૦ બેઠકો માટે આગામી ૩૦ ઓક્ટોબરના રોજ પેટા ચૂંટણી યોજાશ એમ ચૂંટણીપંચે મંગળવારે જાહેરાત કરી હતી. આ પેટા ચૂટણી પૂર્ણ થયા બાદ ૨જી નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે લોકસ ભાની જે ત્રણ



બેઠકો ઉપર પેટા ચૂંટણી યોજાવાની છે તેમાં ગુજરાતમાં દાદરા-નગર હવેલીની બેઠક, હિમાચલ પ્રદેશમાં મંડીની હેઠક અને મધ્ય પ્રદેશમાં ખંડવાની બેઠકનો સમાવેશ થાય છે.

આ ત્રણ બેઠક ઉપર અગાઉ ચૂંટાઇ આવેલા ત્રણે ત્રણ સાંસદોના મૃત્યુ થવાથી આ બેઠકો ખાલી પડી હતી. ગત વર્ષે માર્ચ મહિનામાં મંડી બેઠકના ભાજપના સાંસદ રામસ્વરૂપનું દિલ્હી ખાતેના તેમના નિવાસસ્થાને નિધન થયું હતું. ખંડવા લોકસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરનારા ભાજપના સાંસદ નંદકુમાર સિંઘ ચૌહાણનું પણ નિધન થતાં ખંડવા લોકસભા મતવિસ્તારની ચૂંટણી કરાવવી અનિવાર્ય થઇ ગઇ હતી. તે ઉપરાંત ગુજરાતમાં આવેલા દાદરા-નગર હવેલીના કેન્દ્ર શાસિત પ્રદેશનું પ્રતિનિધિત્વ કરનારા સાંસદ મોહન ડેલકરનું ગત ફેબ્રુઆરી મહિનામાં મુંબઈની એક હોટલમાં મોત નિપજતા આ બેઠક ખાલી પડી હતી.

## મોદીએ વિવિધ પાકની નવી ૩૫ જાત દેશના ખેડૂતોને સમર્પિત કરી

નવી દિલ્હી , તા.૨૯

વડાપ્રધાને દેશના ખેડૂતોને વિવિધ પાકોની જે નવી ૩૫ જાત સમર્પિત કરરી હતી તેમાં ચણાની એવી જાતનો ઉલ્લેખ કરાયો છે કે આ નવી જાતના ચણા દુષ્કાળ જેવી કુદરતી આફતનો પણ આસાનીથી સામનો કરી શકશે. તે ઉપરાંત રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરતાં ચોખાની નવી જાતને પણ મોદીએ ખેડૂતોમે સમર્પિત કરી હતી. ચોખા અને ચણા ઉપરાંત વડાપ્રધાને બાજરી અને મકાઇ જેવા જાડા ધાનની નવી જાતોને પણ દેશના ખેડૂતોને સમર્પિત કરી હતી. આ પ્રસંગે વડાપ્રધાને ક્લાઇમેટ ચેઇન્જની સમસ્યા પ્રત્યે પણ ઘેરી ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે ક્લાઇમેટ ચેઇન્જની સમસ્યા કૃષિને તો ખરાબ રીતે પ્રભાવિત કરે જ છે પરંતુ તે સાથે તે સમગ્ર પર્યાવરણ ઉપર પણ પોતાનો દુષ્પ્રભાવ ઉભો કરે છે. વડાપ્રધાને ક્લાઇમેટ ચેઇન્જની સમસ્યાને પહોંચી વળવા સત્વરે પગલાં લેવા ઉપર ભાર મૂક્યો હતો. આ મુદ્દે વધુ સ્પષ્ટતા કરતા વડાપ્રધાને કહ્યું હતું કે ક્લાઇમેટ ચેઇન્જના પગલે નવી નવી જંતુનાશક દવાઓ, નવા નવા રોગ અને રોગચાળા જેવી સમસ્યાઓ સર્જાય છે, અમે આ તમામ સમસ્યાઓના પગલે માનવીના અને પશુઓના આરોગ્ય ઉપર ગંભીર અસરો પડે છે અને તે સાથે વિવિધ પાક ઉપર પણ તેની નકારાત્મક અસર ઉભી થાય છે. ક્લાઇમેટ ચેઇન્જની માછીમારીના ઉદ્યોગ ઉપર પણ અસર પડતી લહોવાથી ખેડૂતો અને માછીમારો એમ બંને પ્રકારના લોકોને ભારે આર્થિક નુકસાન વેઠવું પડે છે.વડાપ્રધાન નરન્દ્ર મોદીએ આજે દેશના કૃષિજગતને એક મોટી ભેટ આપી હતી. તેમણે જુદા જુદા પાકોની નવી ૩૫ જાતને દશના ખડૂતોને સમર્પિત કરી હતી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની છ રચનાઓ

વિષય :." શબ્દાર્થ " શબ્દ ની અનંત યાત્રા..શબ્દ વિષયક રચનાઓ(૩૦-૯-૨૦૨૧) દિવસ - ૨


Jan fariyad & News of Gandhinagar daily

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ

મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)

પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા

website : www.janfariyadnews.com

What's up calling No : 9824653073

Email : prdpraval42@gmail.com

Email : prdpraval@yahoo.co.uk

YouTube : janfariyadnews

News portal : janfariyadnews

Twitter : @prdpraval


---

## NOG.SS. No .0095

વિષય :--- શબ્દાર્થ

પ્રકાર :-- ગદ્ય

શીર્ષક :-- " તમે ચૂપ રહો...."

વિનાયકરાવને ત્રણ દીકરા . એક સામાન્ય કંપનીમાં પટ્ટાવાળાની નોકરી થી શરૂઆત કરી હતી. એમની પ્રમાણિકતાથી મેનેજરના હોદ્દા પર આવી ગયા .એમની મહેનત અને મીતભાષી સ્વભાવે એમને અહીં સુધી પહોંચાડ્યા હતા .

આ સમય દરમિયાન ત્રણેય દીકરાઓને ઉચ્ચ અભ્યાસ કરાવવામાં એમણે કોઈજ કચાશ નહોતી રાખી .એક એન્જિનિયર બન્યો, બીજો વકીલ અને ત્રીજો એમ.બી.એ. કરીને એક ઉચ્ચ કંપનીમાં ઊંચા હોદ્દા પર નોકરી કરતો હતો. જ્યારે જ્યારે એમની ઉચ્ચ અભ્યાસ માટેની ફી ભરવાની આવતી ત્યારે ત્યારે એ હંમેશાં કહેતાં કે , " બેટા તમે જરાય ચિંતા ના કરતાં , હું છું ને ! તમે ભણજો , ખૂબજ આગળ વધજો .!" આમ કહેતી વખતે એમનું હૈયું એક જ વાત કહેતું કે ભણીગણીને ખૂબ આગળ વધશે તો એમનું નામ બનશે, મારી પણ મહેચ્છા પૂરી થશે .

સંતાનોને હંમેશાં " હું છું ને " નુ આશ્વાસન આપનાર વિનાયકરાવ આજે બહુજ દુખી છે .ક્યારેય એકપણ દીકરાને ઓછું નથી આવવા દીધું .ભણાવ્યા, પરણાવ્યા , સારી જગ્યાએ નોકરી પણ મળી , સંતાનોનાં પિતા બન્યા .બધું જ વિનાયકરાવનાં પૈસે થતું હતું. પણ હવે.એ જ સંતાનોએ આજે એક ધડાકો કર્યો .ત્રણેય ને જુદા થવું છે એવી વાત વિનાયકરાવને કરી .

એમનાં તો પગ તળેથી જમીન જ ખસી ગઈ. જે પરસેવો પાડીને આ બંગલો બનાવ્યો હતો એના ભાગ પાડવાની વાત આવી હતી .એ બંગલો વેચીને એના પૈસા ત્રણેયને વહેંચણી કરવાની વાત હતી. પિતાએ કહ્યું કે બેટા , " કેટલી મહેનતે આ બંગલો બન્યો છે. આજના સમયમાં હવે આવો બીજો બંગલો નહી બને ! આમાં તમારી મા નો શ્વાસ છે એનો વાસ છે અને આપણી સાથેના એના સહવાસની ખુશ્બુ છે .એને કેમ ભૂલાય ? એને કેમ ભૂસાય ?

પપ્પા " તમને એમાં ખબર ના પડે હવે "! એવું કહીને એમને ચૂપ કરી દીધા .અમને હવે અમારી રીતે રહેવા દો .તમારા આ જૂનવાણી વિચારો અને જૂનવાણી મકાનમાં અમને નહીં ફાવે ! માટે તમે હવે અમારી વાતમાં વચ્ચે કશું જ બોલતા જ નહીં "!

આ શબ્દોનાં પ્રહારે વિનાયકરાવને ભાંગી નાંખ્યા. જે દીકરાઓને હંમેશાં " હું છું ને , બેટા ચિંતા નહીં કરતો !" કહેનાર બાપને આજે એમનાં જ દીકરાઓએ ," તમને કશી ખબર ના પડે ,તમે ચૂપ રહો " બોલીને એક જોરદાર શાબ્દિક તમાચો લગાવી દીધો હતો.

આમ શબ્દો તારે પણ છે ને શબ્દો મારે પણ છે .બોલવાની રીત ઉપર આધાર છે.

દીપિકા ચાવડા " તાપસી ".

---

## [NOG.SS NO. 0095 ( બીજી રચના)

વિષય :-- શબ્દાર્થ

પ્રકાર :--ગદ્ય

શીર્ષક :-- " નાની નાની વાતો "

આપણે જાણીએ જ છીએ કે ગુજરાતી ભાષામાં એક શબ્દોનાં અનેક અર્થ થતા હોય છે. આ શબ્દો જ ઘણીવાર એવા તીરની જેમ ઘા કરી જાય છે કે એ ઘા આખી જિંદગી નથી ભરાતાં.

આપણા વડીલો પણ હંમેશાં એમજ કહેતાં આવ્યા છે કે તલવારનો ઘા તો સમય જતાં ભરાઈ જાય છે પણ જીભથી નીકળેલા તીરથી પણ વધારે તેજ ધારવાળી નાની નાની વાતોના ઘા આખી ઉંમર નથી ભરાતા .

એક પંડિતજીના દીકરાનાં ધામધુમથી લગ્ન થયા .નવી નવેલી વહુને ઘરે લાવ્યા અને ચારેતરફ ખુશીનો માહોલ હતો .નવી વહુના સ્વાગતના બધાજ રીતરિવાજો પૂરા થયા .એની આસપાસ કુટુંબની દીકરીઓ અને મહિલાઓ બેઠી હતી . પંડિતજીએ એ બધાને કહ્યું કે તમે બધા બીજા રૂમમાં બેસો જેથી બિચારી વહુ થોડો આરામ કરી શકે .એ લોકો ઊભા ના થયા બે થી ત્રણ વાર પંડિતજીએ નવી વહુને બિચારી કહીને સંબોધી .

હવે અમીર ઘરની અંગ્રેજી સ્કૂલમાં ભણેલી – ગણેલી અને વિદેશી કંપનીમાં ઊંચા પદ પર કાર્યરત નવી વહુએ બધી જ મર્યાદા તોડીને બિચારી શબ્દ પર આપત્તિ જતાવીને બધા જ સગા સંબંધીઓની સામે જ એનાં સીધાસાદા સસરાને મોટા અવાજે કહી દીધું કે હું તમને કઈ તરફથી બિચારી લાગું છું ? શું હું તમને અભ્યાસથી, પહેરવેશથી કોઇ ગરીબ અને લાચાર પરિવારની છોકરી લાગું છું ? શું મારા દહેજમાં કોઈ કમી દેખાય છે ? જો ના તો પછી તમે બધાની સામે મને નીચી દેખાડવા માટે વારંવાર આ બિચારી શબ્દ કેમ વાપરો છો ?

નવી વહુના જીભેથી નીકળેલા શબ્દો પંડિતજીને કાંટાની જેમ વાગતા હતા .એમને પહેલીવાર ભણેલી ગણેલી વહુને લાવવાનો અફસોસ થતો હતો .એતો એમજ સમજતાં હતા કે ભણીગણી લેવાથી માણસ વિદ્વાન બને છે .

પણ પહેલી વાર એમને લાગ્યું કે શિક્ષણમાં જ્યાં સુધી નૈતિકતાનો સમાવેશ નથી થતો ત્યાં સુધી શિક્ષાનું લક્ષ્ય પૂરું થતું નથી .

પંડિતજીની પત્નીએ એક જ વાત કહી કે આપણી વાણી જ આપણાં મિત્ર કે દુશ્મન બનાવે છે માટે હંમેશાં મીઠું બોલવું એમાં એક પૈસાનો ખર્ચ નથી થતો , પણ દરેક તરફથી માન સન્માન હંમેશાં મળતું રહેશે .કડવાં વેણ બોલશો તો અપમાન સિવાય કાંઈ જ નહીં મળે.

દીપિકા ચાવડા " તાપસી ".

---

## NOG SS NO 0037

વિષય - શબ્દો...

વિભાગ - પદ્ય.

શીર્ષક - શબ્દની માયાજાળ.

મા સરસ્વતિની ભક્તિની ફલશ્રુતિ એટલે શબ્દો...

જ્ઞાનનાં અનમોલ ખજાનાની ચાવી એટલે શબ્દો..

કવિ,લેખકની સંવેદના,કલ્પના,મનનું મનોમંથન શબ્દો..

કાગળ, કલમનાં પ્રેમની અભિવ્યક્તિ એટલે શબ્દો..

વિદ્યાર્થી જીવનમાં ગ્રહણ કરેલ જ્ઞાનનો દસ્તાવેજ એટલે શબ્દો..

કાગળ ઉપર શાહીની મનગમતી રંગોળી એટલે શબ્દો..

શબ્દો સમજ છે, શબ્દો શોભા છે.
શબ્દો ગીતા છે, શબ્દો સરિતા છે.
શબ્દો ધાર છે, શબ્દો કટાર છે.
શબ્દો મારે છે, શબ્દો તારે છે.
શબ્દો યોગી છે, શબ્દો ભોગી છે.
શબ્દો શીતળ છે, શબ્દો ભીતર છે.
શબ્દો મર્મ છે, શબ્દો ગર્વ છે.
શબ્દો અટલ છે, શબ્દો વાવેતર છે.
શબ્દો સત્ય છે,શબ્દો પ્રકાશ છે.
શબ્દો સંસ્કાર છે,શબ્દો સંગાથ છે.
શબ્દો નિર્જીવ વક્તા છે,શબ્દો શાન છે.
શબ્દોની માયાજાળમાં માનવી અટવાય છે.

હેમલતા દિવેચા. ( હેમ )

---

## NOG SS No : 0092

પ્રકાર:- પદ્ય

શીર્ષક:- શબ્દોની શક્તિ

'શબ્દની સહેલગાહે હું પણ નીકળી છું,
ક્યાંક વાહ-વાહીને ક્યાંક નામોશી મનેય મળ્યા છે.
ના શોક કર્યો છે ઉપેક્ષાઓનો,
ના પ્રશંસાઓના મને કોઈ કેફ ચઢયા છે.
શબ્દોની નજાકતથી દિલો પર રાજ કર્યું છે,
કંઈ કેટલાય જીવનને સાચા રસ્તે પહોંચાડયા છે.
તીખી તલવાર સમાં શબ્દો તો મારાય શબ્દ કોષમાં છે,
ના જરૂરત પડી એની ના ઉપયોગ કર્યો ક્યારેય,
કોષમાં એ નવા ને નવા જ પડયા છે.
શાંતિ અને પ્રેમથી જગતને શાતા પહોંચાડવા લીધો છે મેં જન્મ,
બાકી ઠેસ પહોચાડવા અહીં લાખો પડયા છે.
ભાભીના કડવા શબ્દોથી 'નરસૈંયો','નરસિંહ મહેતા'બન્યો ને સોક્રેટિસ એક તત્વચિંતક.
આવા તો કરોડો દ્રષ્ટાંતો વિશ્વમાં પડયા છે.
શબ્દોએ કેટલાય જીવન તાર્યા ને કેટલાય બરબાદ કર્યા છે,
શબ્દોથી વિકાસ અને વિનાશ બંને પરિણમ્યા છે.
શબ્દોએ પ્રોત્સાહન આપી 'આઝાદ હિંદ' ફોજ રચી તો ક્યાંક,
શબ્દોને કારણે જંગ ખેલાયેલા છે.
કલમની(શબ્દની) તાકાતને ઓછી ના આંકશો કોઈ,
કેટલાયે ચહેરાઓને બેનકાબ કર્યા છે એણે ને,
કેટલાંય તખ્તા જડમૂળથી પલટેલા છે.
શબ્દોને વાપરતા પહેલા એકવાર જરૂર વિચારજો,
આ એવા કર્મ છે,
જે પેઢીની પેઢી સુધી કેટલાયને નડયા છે.

અલકા મહેતા,ગાંધીનગર

---

## NOG SS No : 0013

વિષય : શબ્દાર્થ. ..શબ્દ એક કથા...

શિર્ષક : શબ્દો સાહિત્યની અનંત યાત્રા.

શબ્દોથી વેરઝેર અને સંબંધ.

સરિતા જેમ વહીને ઉજવે
પંખી કલરવ કરીને ઉજવે
મયુર પંખ કળા કરીને ઉજવે
કળી ખીલીને ઉજવે
સેવા સ્મિત કરીને ઉજવે
તપસ્વી ધ્યાન ધરી ઉજવે
એમ હું શબ્દને શબ્દો દ્વારા ઉજવું.
શબ્દો વિનાનું ડહાપણ એજ
મારું મૌન છે.
સમગ્ર અસ્તિત્વ સાથે શબ્દોથી
સંબંધ એજ મારું સ્મિત છે.
શબ્દોથી લખાયેલા વિધિના વિધાન,
કે શબ્દોથી કરાયેલી ભક્તિ,કે શબ્દોથી રચેલું સંગઠન,શબ્દોથી
બનાવેલો ધર્મ,શબ્દોમાંથી થયેલો
સાક્ષાત્કાર,શબ્દોમાંથી આવેલી સમજ,
શબ્દોએ કરાવેલા અનુભવો, શબ્દોથી
મળેલી ચેતના, મને હંમેશા પરમ
આનંદ અને ઈશ્વર સમીપે લઈ
જનાર શબ્દો મારા દેવદૂત છે.
શબ્દો જ મારું ધ્યેય છે,મારી પ્રાર્થના છે,મારી ઉદારતા છે,સેવા છે,તપ છે,
સંતુલન છે,સમર્પણ છે,ઈચ્છા છે, ભાવના છે,સાધના છે, સાધક છે. શબ્દો જ મારું સંપૂર્ણ છે.
શબ્દોથી મેં કાવ્યો રચ્યા,ઇતિહાસ રચ્યો.
શબ્દોથી મારો મિજાજ, જુઠાણું,
માયા,આદતો,દુર્ગુણો,ઈચ્છાઓ,મોહ,
ડર,ભૂલ,શંકા,હિંસા, ખિન્નતા, દુ:ખ ,
અક્રમણતા ,સમસ્યા અહમ અને
દુશ્મનાવટનો નાશ થયો.
શબ્દોથી મારા ગુણો,પ્રતિકાર શક્તિ,
સહનશીલતા, કરુણા,દયા, પ્રેમ, અને
વૈરાગ્ય માં વધારો થયો છે.
શબ્દોને મૌનમાં ઉજવો
શોરગુલ માં ઉજવો
જીવનમાં ઉજવો અને
મૃત્યુને પણ શબ્દોથી ઉજવો.

ઘનશ્યામ વ્યાસ.

---

## NOG SS. No.-- 39

વિષય --" શબ્દાર્થ" શબ્દ એક કથા..(શબ્દોથી વેરઝેર અને સંબંધ પણ.. શબ્દોની સાહિત્ય અનંત યાત્રા)

શીર્ષક -- શબ્દોનું સત્ય

શબ્દો -- ૧૫૦

તારીખ -- ૨૩-૯-૨૧

ગુરુવાર

શબ્દ હોય સૂરીલો તો લય બને શબ્દ,
શબ્દ જ સુંદર આલાપ જીવનનો!
શબ્દ શ્રદ્ધાનો પહોંચાડે પ્રભુ સુધી,
પ્રચંડ પ્રલય લાવે શબ્દ વેરઝેરનો!
ગીત બની ગુંજન કરે સલુણો શબ્દ,
હૃદયને ઝંકૃત કરે પ્રખર શબ્દ!
શબ્દમાં પ્રેમ ને શબ્દમાં જ નફરત,
જીવન ધન્ય બનાવે સાચો શબ્દ!
તોલીને બોલાય, સમજીને લખાય,
તો જીવનનો બેડો કરે પાર શબ્દ!
ફૂલડાં બની, મહેંકી વેરાઈ જાય શબ્દ,
જિંદગી બની જાય સુગંધિત રમ્ય!
અકલ્પ્ય લોખંડી તાકાત શબ્દની,
ચળાવી નાંખે મન ભલભલા માનવીના!
પહોંચાડી દે જીવનની ટોચ પર માનવને,
તો ખીણમાં ગબડાવી શકે પળભરમાં!
શૂળની જેમ ચૂભી શકે આળો શબ્દ,
ઘાવ આપી જાય જીવનભરનો!
જીવન તારે શબ્દ ને શબ્દ જ ડૂબાડે,
જીવનસાગરમાં તરતાં શીખવાડે!
શબ્દ હોય સત્યમ્ શિવમ્ ને સુંદરમ્!
તો બની જાય અનેરો બ્રહ્મનાદ શબ્દ!
શાશ્વત બની કરે દૂર અજ્ઞાન માનવનું,
કેવો અપરંપાર છે મહિમાવંત શબ્દ!

પ્રફુલ્લા "પ્રસન્ના" અમદાવાદ

# મોડાસા : ચાર રસ્તા પોલીસ ચોકી નજીક વર્ષોથી અડીખમ વૃક્ષ ધરાશાયી થતા અફરાતફરી,કેબીનો અને વાહનોને નુકશાન




મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં મેઘરાજાએ ધબધબાટી બોલાવી છે મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તા પોલીસ ચોકી નજીક વર્ષોજૂનું આંબલીનું ઝાડ અચાનક ધરાશાયી થતા ભારે અફડાતફડી મચી હતી વૃક્ષ ધરાશાયી થઇ ચાર રસ્તા પર રહેલા કેબિનો પર અને પાર્ક કરેલ વાહનો પર ખાબકતા ભારે નુકશાન થયું હતું કેબીનધારકો અને લોકો આમલીનું ઝાડ ધરાશાયી થતું જોઈ સમયસૂચકતા વાપરી ખસી જતા આબાદ બચાવ થયો હતો વીજડીપી પર ઝાડ પડતા વીજડીપીને નુકશાન થતા વીજ પુરવઠો ખોરવાયો હતો ીજળીડૂલ થતા વીજકર્મીઓ સમારકામ હાથધર્યું હતું વૃક્ષ ધરાશાયી થતા સમગ્ર વિસ્તારમાં ૫ કલાકથી વધુ સમય વીજ પુરવઠો ખોરવાતા વેપારીઓ અને લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા મોડાસા ચાર રસ્તા થી પોસ્ટ ઓફીસ સુધી ત્રણ જેટલા વિશાળકાય વૃક્ષ ગમે તે ઘડીએ તૂટી પડે તેવી સ્થિતીમાં હોવાથી ઉતારી લેવામાં આવેની માંગ પ્રબળ બની છે.બુધવારે સવારે ચાર રસ્તા પોલીસચોકી નજીક આવેલ વર્ષો જૂનું આંબલીનું ઝાડ ધડાકાભેર અવાજ સાથે કકડભૂસ થઈ જમીનદોસ્ત થતા ભારે અફડાતફડી મચી હતી ઝાડ નીચે કેબીનમાં ધંધો રોજગાર કરતા વેપારીઓ અને લોકો જીવ બચાવવા સલામત જગ્યાએ ખસી જતા જાનહાની ટળી હતી વૃક્ષ ધરાશાયી થતા નજીકમાં રહેલી વીજડીપી અને બે વીજપોલ તૂટી જતા વીજપુરવઠો ખોરવાયો હતો વૃક્ષ ધરાશાયી થતા ચાર રસ્તા થી મુખ્ય બજારનો રોડ બંધ થઈ ગયો હતો નગરપાલિકા ફાયરબ્રિગેડની ટીમ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ધરાશાયી ઝાડને રસ્તા પરથી દૂર કરવાની કામગીરી હાથધરી હતી વીજતંત્ર ઘટનાસ્થળે પહોંચી સમારકામ હાથધરી વીજપુરવઠો પૂર્વરત કરવા કામગીરી આદરી દીધી હતી

# કોટનમાં ૪૨,૪૫૦ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં રૂ.૧,૧૫૦નો ઉછાળો

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૫૩,૨૪૬ સોદાઓમાં કુલ રૂ.૧૩,૪૬૮.૨૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના વાયદાઓમાં સામસામા રાહ હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૮ વધવા સામે ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૪૭૨ ઘટ્યો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એલ્યુમિનિયમ અને જસતમાં વૃદ્ધિ સામે તાંબુ, નિકલ અને સીસું ઢીલાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ ઘટી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)માં ૪૨,૪૫૦ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં ગાંસડીદીઠ રૂ.૧,૧૫૦નો ઉછાળો આવ્યો હતો. મેન્થા તેલ અને રબરમાં સીમિત ઘટાડા સામે સીપીઓ અને કપાસમાં સુધારો વાયદાના ભાવમાં થયો હતો. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ઓક્ટોબર વાયદામાં ૭૦ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ઓક્ટોબર વાયદામાં ૮૮ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.


ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ ખાતે ૨૮,૦૪૫ સોદાઓમાં રૂ.૨,૧૭૭.૯૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું, જ્યારે પ્રીમિયમ રૂ.૪૮.૯૮ કરોડનું થયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૨.૪૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૨.૨૮ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૦૫૦.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

કીમતી ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે સોના-ચાંદીમાં ૬૫,૯૪૯ સોદાઓમાં કુલ રૂ.૫,૧૧૭.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૫,૯૬૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૫,૯૮૦ અને નીચામાં રૂ.૪૫,૭૬૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૮ વધી રૂ.૪૫,૯૫૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૮૨૧ વધી રૂ.૩૭,૬૯૮ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૦૭ વધી રૂ.૪,૬૯૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫,૮૪૨ના ભાવે ખૂલી, રૂ.૧૦૫ વધી રૂ.૪૫,૯૨૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૦,૫૫૫ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૬૨૯ અને નીચામાં રૂ.૫૯,૯૦૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૭૨ ઘટી રૂ.૫૯,૯૯૨ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૨૬ ઘટી રૂ.૬૦,૨૭૯ અને ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૨૬ ઘટી રૂ.૬૦,૨૬૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૬૧૩ સોદાઓમાં રૂ.૧,૮૯૯.૧૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૪૦ વધી રૂ.૨૩૪.૦૫ અને જસત સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ વધી રૂ.૨૬૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩.૨૦ ઘટી રૂ.૭૧૨.૭૦ અને નિકલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪.૧ ઘટી રૂ.૧,૪૪૧.૧૦ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ ઘટી રૂ.૧૯૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં એમસીએક્સ પર ૪૪,૬૨૪ સોદાઓમાં કુલ રૂ.૩,૮૩૦.૯૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૫૫૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૫૬૮ અને નીચામાં રૂ.૫,૪૭૪ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૨૭ ઘટી રૂ.૫,૫૬૦ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧૦ ઘટી રૂ.૪૨૯.૪૦ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં એમસીએક્સ ખાતે ૨,૭૪૨ સોદાઓમાં રૂ.૩૩૭.૧૬ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૪૮૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૫૧૧ અને નીચામાં રૂ.૧૪૮૪ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૮.૫૦ વધી રૂ.૧,૫૦૦ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર ઓક્ટોબર વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૯૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬,૯૮૧ અને નીચામાં રૂ.૧૬,૭૭૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬૨ ઘટી રૂ.૧૬,૮૭૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૩૩.૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૪૦ અને નીચામાં રૂ.૧૧૩૩ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩.૯૦ વધી રૂ.૧૧૩૮ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૮૦ ઘટી રૂ.૯૩૪.૪૦ અને કોટન ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૧,૧૫૦ વધી રૂ.૨૮,૬૦૦ બોલાઈ રહ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ ખાતે કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૮૮૨ સોદાઓમાં રૂ.૩,૪૦૮.૧૮ કરોડનાં ૭,૪૧૪.૭૯૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૯,૦૬૭ સોદાઓમાં કુલ રૂ.૧,૭૦૯.૭૪ કરોડનાં ૨૮૩.૬૭૦ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૨૬૭.૨૨ કરોડનાં ૧૧,૪૩૫ ટન, જસતના વાયદાઓમાં રૂ.૧૯૬.૯૦ કરોડનાં ૭,૫૮૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૭૨૫.૪૦ કરોડનાં ૧૦,૧૫૨.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૬૦૩.૬૩ કરોડનાં ૪,૨૩૧.૫૦૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૦૫.૯૭ કરોડનાં ૫,૭૫૫ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫,૪૧૨ સોદાઓમાં રૂ.૧,૨૩૦.૧૪ કરોડનાં ૨૨,૨૭,૮૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૯,૨૧૨ સોદાઓમાં રૂ.૨,૬૦૦.૭૬ કરોડનાં ૬,૦૩,૯૬,૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૧૨ સોદાઓમાં રૂ.૦.૩૯ કરોડનાં ૫૨ ટન અને કોટનના વાયદાઓમાં ૧,૩૯૧ સોદાઓમાં રૂ.૧૧૮.૪૪ કરોડનાં ૪૨૪૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૫૫ સોદાઓમાં રૂ.૨.૩૬ કરોડનાં ૨૫.૨ ટન, રબરના વાયદાઓમાં ૨૩ સોદાઓમાં રૂ.૦.૩૯ કરોડનાં ૨૩ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧,૨૬૧ સોદાઓમાં રૂ.૨૧૫.૫૮ કરોડનાં ૧૯,૧૭૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ ખાતે પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૫૪૮.૬૫૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૯૨.૦૪૬ ટન, એલ્યુમિનિયમમાં ૧૪,૬૦૦ ટન, જસત વાયદામાં ૮,૧૦૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૦,૬૦૨.૫૦૦ ટન, નિકલ વાયદામાં ૨,૯૯૨.૫૦૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૫,૬૩૦ ટન, ક્રૂડ તેલમાં ૮,૨૨,૪૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૧૭,૦૩,૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૨૦૦ ટન, કોટનમાં ૭૦૮૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૯૩.૨ ટન, રબરમાં ૭૩ ટન, સીપીઓમાં ૭૦,૩૮૦ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં એમસીએક્સ ખાતે ૧,૨૭૩ સોદાઓમાં રૂ.૧૦૫.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૬૦૧ સોદાઓમાં રૂ.૪૪ કરોડનાં ૬૪૨ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૬૭૨ સોદાઓમાં રૂ.૬૧.૨૨ કરોડનાં ૭૫૮ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૨,૩૬૪ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૦૦૨ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૩,૭૨૮ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૩,૭૩૫ અને નીચામાં ૧૩,૬૬૫ના સ્તરને સ્પર્શી, ૭૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૧ પોઈન્ટ વધી ૧૩,૭૧૬ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૬,૧૮૭ના સ્તરે ખૂલી, ૮૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૫ પોઈન્ટ ઘટી ૧૬,૧૪૨ના સ્તરે પહોંચ્યો હતો.

## નવરાત્રી અને વિજયાદશમીના શુભ દિવસોમાં પૂજ્ય મોરારી બાપૂની ૮૬૬મી રામકથા નેપાળમાં યોજાશે



૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૧: પરમ પૂજ્ય મોરારી બાપૂની ૮૬૬મી રામકથા ભારતના પાડોશી દેશ નેપાળમાં ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર દરમિયાન યોજાશે. તપ, સાધના અને પ્રાર્થનાના પર્વ નવરાત્રી અને વિજયાદશમીના શુભ દિવસોમાં પૂજ્ય મોરારી બાપૂની રામકથા નેપાળમાં શ્રી ભગવાન મુક્તિનાથ નારાયણના સ્વરૂપ આદિ શાલિગ્રામ સ્વરૂપના પાવન તીર્થ મુક્તિનાથની મોક્ષધરામાં યોજાવા જોઈ રહી છે. મુક્તિનાથ ધામ હિન્દુઓના મહત્વપૂર્ણ મંદિરો પૈકીનું એક છે. તે નેપાળના મસ્તાંગ જિલ્લાના થોરાંગ લા પહાડો વચ્ચે આવેલું છે.

હાલમાં કોરોના મહામારીની પરિસ્થિતિને લક્ષ્યમાં રાખતાં તથા તેના સંબંધિત નિયમો અને દિશા-નિર્દેશોનું સખ્તાઈથી પાલન કરતાં કોઈપણ શ્રોતા વગર પૂજ્ય બાપૂની કથા યોજાશે.

તારીખ ૭ ઓક્ટોબરે સાંજે ૪થી૬ તથા ૮થી ૧૫ ઓક્ટોબર દરમિયાન સવારે ૧૦.૦૦થી બપોરે ૧.૩૦ સુધી કથા યોજાશે. શ્રોતાઓ દૂરથી પણ કથામાં સામેલ થઈ શકે તે માટે નેપાળથી તેનું સીધું પ્રસારણ આસ્થા ચેનલ અને તલગાજરડા યુટ્યુબ ચેનલ ઉપર કરવામાં આવશે.

### આરોગ્યમંત્રી શ્રી એ યુ.એન. મહેતા હોસ્પિટલથી રાજ્યભરમાં "ટેલી કાર્ડિયોલોજી" સેવાનો પ્રારંભ કરાવ્યો

# અમદાવાદ સિવિલ મેડિસીટીની યુ. એન. મહેતા હાર્ટ હોસ્પિટલમાં વિશ્વ હૃદય દિવસની ઉજવણી




અમદાવાદ સિવિલ મેડિસીટીની યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલ ખાતે "વિશ્વ હૃદય દિવસ" ની ઉજવણી પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ઉપસ્થિત તમામ લોકોને હૃદય દિવસની શુભકામનાઓ પાઠવતા સરકારના દ્વાર "દિલથી" તેમના પ્રશ્નોના નિરાકરણ માટે ખુલ્લા હોવાનું કહ્યું હતુ.

આરોગ્ય મંત્રી શ્રી એ આ પ્રસંગે જણાવ્યું કે, યુ.એન.મહેતા હોસ્પિટલે રાજ્ય જ નહીં પરંતુ દેશભરમાં હૃદય સંબંધિત રોગોની સારવાર ક્ષેત્રે માઈલસ્ટોન પ્રસ્થાપિત કર્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પણ યુ.એન.મહેતા હોસ્પિટલમાં ઉપલબ્ધ અત્યાધુનિક સુવિધાઓ અને સારવારની સરાહના કરવામાં આવી છે.

મંત્રીશ્રીએઆ પ્રસંગે PMJAY-MAયોજનાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે આ યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ છે.દેશભરમાં આ યોજનાની અસરકારક અમલવારી ભારતને વિશ્વ ગુરુ બનવા તરફનો માર્ગ કંડાર્યો છે.

કોરોના મહામારીમાં પી.પી.ઈ. કિટથી સજ્જ થઈ તબીબોએ રાઉન્ડ ધ ક્લોક કામગીરી કરી છે જેને બિરદાવતા મંત્રી શ્રી એ કહ્યું હતુ કે, તબીબોના અથાગ પરિશ્રમ અને દરિદ્રનારાયણની સેવા-સુશ્રુષા માટેની કટિબધ્ધતાના પરિણામે જ આજે રાજ્યમાં કોરોનાની પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે. જે સૂચવે છે કે કોરોનાકાળમાં સરકાર નાપાસ નહીં પરંતુ પાસ થઈ છે.

કોરોનાકાળમાં સિવિલ મેડિસિટી દ્વારા ફક્ત ભારત દેશમાં જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે કોરોનાની ઉત્તમ કામગીરીનું ઉદાહરણ પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે.

આજે યુ.એન.મહેતા હોસ્પિટલ ખાતે થી રાજ્યભરમાં શરૂ થયેલ ટેલીકાર્ડિયોલોજી સેવા રાજ્યના અંતરિયાળ વિસ્તારો સુધી નાગરિકોને,દર્દીઓને ઘરે બેઠા આરોગ્યવિષયક સેવા ઉપલબ્ધ કરાવશે તેવો ભાવ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

રાજ્ય કક્ષાના આરોગ્ય મંત્રી શ્રી નિમીષાબેન સુથારે "વિશ્વ હૃદય દિન" પ્રસંગે કહ્યું હતુ કે, વિશ્વ હૃદય દિનની વિશ્વ ભરમાં ઉજવણી થકી લોકોમાં હૃદયની સારસંભાળ પ્રત્યે જાગૃકતા લાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

તેઓએ આ પ્રસંગે પ્રવર્તમાન જીવનશૈલી દ્વારા ઘણા વ્યક્તિઓ તણાવયુક્ત જીવન પસાર કરતા હોવાથી નાની વયે હૃદયરોગ સંબંધિત બિમારી અથવા હૃદયરોગ પરના હુમલાનો શિકાર બનતા હોવાનું જણાવી નાગરિકોને તેનાથી બચવા નિયમિત રીતે કસરત કરવા અને જીવનશૈલીમાં સુધાર લાવવાનું સૂચન કર્યું હતુ.

આ સંદર્ભે તેઓએ હૃદયરોગની સારવારમાં એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી, સ્ટેન્ટ, બાયપેસ જેવી આરોગ્ય વિષયક સેવાઓ, સુવિધાઓ દર્દીઓ માટે આરોગ્ય સંજીવની હોવાનું પણ કહ્યું હતુ.

રાજ્ય સરકાર દ્વારા નાની વયના અથવા બાળ હૃદયરોગ સંબંધિત બાળકોની દરકાર કરીને "શાળા આરોગ્ય કાર્યક્રમ" અને "અટલ સ્નેહ યોજના" દ્વારા વિવિધ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી હોવાનું જણાવ્યું હતુ.

આ કાર્યક્રમમાં આરોગ્યમંત્રી શ્રી ના હસ્તે રાજ્ય ભરમાં ટેલીકાર્ડિયોલોજી સેવાનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. યુ.એન.મહેતા હોસ્પિટલના હાર્ટ ટૂડે ન્યુઝ બુલેટિનનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતુ.

યુ.એન.મહેતા હોસ્પિટલમાં વિશ્વ હૃદય દિવસની ઉજવણી પ્રસંગે સામાજીક અને ન્યાય અધિકારીતા મંત્રી શ્રી પ્રદિપભાઈ પરમાર, સ્થાનિક કાઉન્સીલરશ્રીઓ, આરોગ્ય વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી શ્રી મનોજ અગ્રવાલ, યુ.એન.મહેતા હોસ્પિટલના ડાયરેક્ટર શ્રી આર.કે.પટેલ, સિવિલ મેડિસીટીની અન્ય હોસ્પિટલના ડાયરેક્ટર અને ડીન શ્રીઓ અને મોટી સંખ્યામાં તબીબો ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે રાજ્ય અને દેશભરમાંથી હજારો લોકો વર્ચ્યુઅલ માધ્યમથી આ કાર્યક્રમમાં જોડાયા હતા.

અમિતસિંહ ચૌહાણ

## અમેરીકા- કેલિફોર્નિયા ના એનાહેમ ખાતે માં ૨૦૩ વર્ષ પ્રાચિન ગણેશજીની સ્થાપના થી ઉજવાયો ગણેશ ઉત્સવ



કેલિફોર્નિયાના એનાહેમ ટાઉનમાં રહેતા રવિભાઈ અને ભારતીબેન શાહ ના નિવાસ થાને તા.૧૭ મી સપ્ટેમ્બર ના રોજ સાંજે ૪ વાગ્યા થી રવિભાઈ નું મિત્ર મંડળ અને સગા સંબધી ગણેશ ચતુર્થી નિમિત્તે ભેગા થયા હતા.. અત્રે જે ગણેશજી ની મુર્તિ ની સ્થાપના કરવામાં આવેલ છે તે લગભગ ૨૦૩ વર્ષ પ્રાચિન છે.... અને તે ૪ પેઢીથી મુંબઈના જયંતિલાલ વેણિલાલ શાહ પરીવાર ના કુટુંબ માં ગણેશ ચતુર્થી ની ઉજવણી માં આ ગણેશજી ની સ્થાપના કરવામાં આવતી....તેમના પરીવારના ઉષાબેન જયેંદ્રભાઈ શાહ,નીલાબેન જયંતિલાલ પરીખ,અને ભારતીબેન કીરીટભાઈ મરચન્ટ સૌ ભેગા મળીને આ પ્રસંગ ઉજવતા આવ્યા છે... હવે છેલ્લા ૪૫ વર્ષ થી અમેરીકામાં ખુબ ઉત્સાહથી આ ઉજવણી કરવામાં આવે છે...

આવખતે ખાસ ૧૨ જયોતિર્લીંગ પણ દર્શન માટે સ્થાપિત કરવામાં આવેલ આઉજવણી માં ભાગ લેવા તથા દર્શન માટે રવિભાઈના ફ્રેન્ડ સર્કલની સાથે તેમના કુટુંબી ગ્રાન્ડ પુત્ર-પુત્રી વગેરે એ ખૂબ સુંદર ભાવ ગીત અને સ્પીચ રજૂ કરી હતી તથા આજના ખાસ મહેમાનો માં રવિભાઈ ના જુના મિત્રો તથા જાણીતા ઉદ્યોગપતિ શ્રી સુરુ માણેક વગેરે એ ખાસ હાજરી આપી હતી ..

આ પ્રસંગે શ્રી અરવિંદભાઈ જોષી ( ભૂતપુર્વ રેડીયો કલાકાર ) ખાસ હાજર રહ્યા હતા. આજના આ કાર્યક્રમમાં ભજન-કિર્તન નો કાર્યક્રમ રાખવામાં આવેલ...જેમાં શ્રી કિર્તિભાઈ અને રેખાબેન દવે, વગેરે એ ખૂબ સુંદર ગીત-ભજન રજુ કર્યા હતા અને સાઉન્ડ સિસ્ટમ શ્રી,જગદીશભાઈ પુરોહિત સંભાળી હતી.. લગભગ ૭૫ થી વધુ ભાવિકોએ આ પ્રસંગે દર્શન અને પ્રસાદ નો લ્હાવો લીધો હતો.

( માહિતી અને તસ્વિર:- કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )

## ભુવા પાસે ઝાડુ મારવા પાંચ મહુડીનો યુવક તેના ૫ વર્ષીય પુત્ર અને ૧૧ મહિનાની દીકરી સાથે બોલેરો જીપમાં રહસ્યમય રીતે ગુમ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લાના શામળાજી નજીક આવેલા પંચમહુડી ગામનો યુવક તેની ૧૧ મહિનાની દીકરી રડત હોવાથી નજીકના ગામમાં આવેલા ભુવા પાસે ઝાડુ નખાવવા જવાનું કહી બોલેરો જીપમાં તેના ૫ વર્ષીય પુત્ર અને પુત્રીને લઈને નીકળ્યા પછી રહસ્યમય રીતે ગુમ થઈ જતા ભારે ચકચાર મચી છે

પાંચમહુડી ગામનો યુવક તેના બંને બાળકો સાથે ગુમ થઈ જતા શામળાજી પોલીસ પોલીસે જાણવાજોગ ફરિયાદ નોંધી ગુમ યુવક અને તેના બે બાળકોની શોધખોળ હાથધરી છે

શામળાજી નજીક આવેલા જાબચિતારીયામાં મોબાઈલની દુકાન ધરાવતા અને પાંચમહુડી ગામના સંજયભાઈ સરદારભાઈ ડામોર નામનો યુવક બે દિવસ અગાઉ તેની ૧૧ મહિનાની દીકરી આખી રાત રડતી હોવાથી સોમવારે સવારે બોલેરો જીપમાં તેના ૫ વર્ષીય પુત્ર અને ૧૧ મહિનાની પુત્રીને બેસાડી જાંબુડી ગામમાં રહેતા ભુવાના ત્યાં ઝાડુ નખાવવા જવાનું કહી સાંજ સુધી પરત ન ફરતા પરિવારજનો બેબાકળા બન્યા હતા

આજુબાજુના વિસ્તારમાં અને સગા-સબંધીઓના ઘરે શોધખોળ હાથધરી હતી તેમ છતાં યુવક કે તેના બંને બાળકોનો અતોપતો ન લાગતા પરિવારજનો આખરે શામળાજી પોલીસી સ્ટેશનમાં દોડી ગયા હતા પંચમહુડીનો યુવક તેના બે નાના બાળકો સાથે ગુમ થઈ જતા સમગ્ર પંથકમાં હાહાકાર મચ્યો છે

શામળાજી પોલીસે ગુમ યુવકના પિતા સરદારભાઈ હરજીભાઇ પાંડોરની જાણવાજોગ ફરિયાદ નોંધી યુવક અને તેના બંને બાળકોની શોધખોળ હાથધરી હતી

## અરવલ્લી જીલ્લામાં બનતી આકસ્મિક ઘટનાઓનું મોનીટેરીંગ પ્રાંત અધિકારીશ્રીની કક્ષાએથી કરવાનું રહેશે

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

વર્તમાન સમયમાં ગુજરાત રાજ્યમાં વરસાદી માહોલ છવાયેલો છે. જે અંતર્ગત અનેક સ્થળોએ આકસ્મિક ઘટનાઓ, દુર્ઘટનાઓ બનતી હોય છે. તો આવા સમયે રાજ્ય સરકાર દ્વારા બનાવ/દુર્ઘટનાના કિસ્સાઓમાં અરવલ્લી જીલ્લાના કંટ્રોલ પર જાણ કરવામાં આવે તેમજ અહેવાલ રજૂ કરવામાં આવે.

જ્યારે કોઈ મોટી દુર્ઘટનાઓ સર્જાઈ હોય ત્યારે ટેલીવિઝન ન્યૂઝ ચેનલના માધ્યમથી આ પ્રકારની ઘટનાઓની જાણ થતી હોય છે. ટે સમયે તાલુક કક્ષાએથી અહેવાલ રજૂ કરવામાં આવે છે. જેથી રાજ્ય કક્ષાએથી રીપોર્ટીંગ કરવામાં વિલંબ થતો હોય છે. જેથી હવે પછી રાજ્ય સરકારની સુચના અનુસાર જીલ્લાના તાલુકાના તમામ મામલતદારશ્રીઓએ તાલુકા કક્ષાએ બનતી ઘટના/બનાવ/દુર્ઘટના અંગે તાલુકા વિકાસ અધિકારીશ્રી/ચીફ ઓફીસરશ્રી સાથે સંકલન કરી તાત્કાલિક લેખિત પ્રાથમિક રીપોર્ટ તેમજ સમય મર્યાદામાં વિગતવાર અહેવાલ (ગુજરાતી તથા અંગ્રેજી) માં મોકલવાની જવાબદારી મામલતદારશ્રીની રહેશે. તેમજ આ અંગેની જરૂરી મોનીટેરીંગ પ્રાંત અધિકારીશ્રીની કક્ષાએથી કરવાનું રહેશે. તેમજ ભવિષ્યમાં આકસ્મિક ઘટના/બનાવ/દુર્ઘટનાઓ અંગે તાલુકા કક્ષાએથી સમયસર માહિતી ન મોકલવાના કારણે કોઈ જવાબદારીના પ્રશ્નો ઉપસ્થિત થશે તો ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ-૨૦૦૩ ની કલમ ૩૮ (૧) (૫) મુજબ આપેલ આદેશનું પાલન કરવાનું રહેશે. પાલન ન કરેલ હોવાનું જાણ થશે તો કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આવી આકસ્મિક દુર્ઘટનાઓ અંગે સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક:સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩, તારીખ ૨૫ એપ્રિલ ૨૦૧૫ની જોગવાઈઓ ધ્યાને લઈ આર્થી સહાય મળવા પાત્ર છે કે કેમ? તે ઠરાવની જોગવાઈઓ મુજબ ચકાસણી કરી સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહિતનો અહેવાલ ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારીશ્રીએ નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રીને તેમજ શહેરી વિસ્તાર માટે ચીફ ઓફિસરશ્રીએ મામલતદારશ્રીને મોકલી આપી સમયસર સહાય ચુકવવાની રહેશે.

જેમાં ભવિષ્યમાં કોઈપણ ઘટના/બનાવ/દુર્ઘટના બનવા પામે તો તેની અચૂક જાણ જીલ્લાના કંટ્રોલ રૂમ ખાતે ટેલીફોનીક તથા લેખિતમાં (ગુજરાતી તથા અંગ્રેજીમાં) પ્રાથમિક રીપોર્ટ સહિત તાત્કાલિક કરવાની રહેશે. તેમજ પોલીસ કંટ્રોલરૂમ, ફાયર બ્રિગેડ તથા ૧૦૮ ઈમરજન્સી સર્વિસ દ્વારા પણ કોઈ ઘટના/બનાવો અંગેની પ્રાથમિક માહિતી જાણ જીલ્લાના કંટ્રોલરૂમ નંબર-૦૨૭૭૪-૨૫૦૨૨૧ પર કરવાની રહેશે.

## ગુજરાત સરકારનાં નવનિયુક્ત ૨૪ મંત્રીશ્રીઓ સરકારની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોચાડવા તેમજ જનતાનાં આશીર્વાદ લેવા પોતાના વિસ્તારમાં જન-આશીર્વાદ યાત્રાનું આયોજન કરશે

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ભારતીય જનતા પાર્ટીના નવ નિયુક્ત મંત્રીશ્રીઓ પ્રજાની વચ્ચે જઈ પ્રજાના આશીર્વાદ મેળવશે. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ તેમજ ભારતીય જનતા પાર્ટીના માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબનાં માર્ગદર્શન હેઠળ અને માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વ વાળી ભારતીય જનતા પાર્ટીની સરકારની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે અને ભાજપા સરકાર દ્વારા કરાયેલા કાર્યો પણ પ્રજા સુધી પહોંચે તે હેતુસર પ્રજાના આશીર્વાદ મેળવવા માટે આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ જન આશીર્વાદ યાત્રા ૩૦ સપ્ટેમ્બર થી ૦૩ ઓકટોમ્બર અને ૦૭ ઓક્ટોમ્બરથી ૧૦ ઓક્ટોમ્બર સુધી યોજાશે જેનો સંભવિત કાર્યક્રમ નીચે મુજબ છે.

૦૧) માન.મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીઃ- ૩૦-૦૯-૨૦૨૧-ખેડા, ૦૧-૧૦-૨૦૨૧-વડોદરા જીલ્લો, ૦૨-૧૦-૨૦૨૧-વડોદરા શહેર(રાવપુરા અને સયાજીગંજ વિધાનસભા)

૦૨) માન.મંત્રીશ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી (જીતુભાઈ):- ૦૩-૧૦-૨૦૨૧-ભાવનગર પશ્ચિમ, ૦૭-૧૦-૨૦૨૧-રાજકોટ જીલ્લો, ૦૮-૧૦-૨૦૨૧-રાજકોટ શહેર

૦૩) માન.મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલઃ-૦૩-૧૦-૨૦૨૧-વિસનગર, ૦૭-૧૦-૨૦૨૧-ગાંધીનગર જીલ્લો, ૦૮-૧૦-૨૦૨૧-અમદાવાદ જીલ્લો

૦૪) માન.મંત્રીશ્રી પુર્ણેશભાઈ મોદીઃ- ૦૩-૧૦-૨૦૨૧-સુરત પશ્ચિમ, ૦૭-૧૦-૨૦૨૧-ભરુચ, ૦૮-૧૦-૨૦૨૧-નર્મદા

૦૫) માન.મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલઃ- ૦૩-૧૦-૨૦૨૧-જામનગર ગ્રામ્ય, ૦૭-૧૦-૨૦૨૧-દેવભૂમિ દ્વારકા, ૦૮-૧૦-૨૦૨૧- જુનાગઢ શહેર

૦૬) માન.મંત્રીશ્રી કનુભાઈ દેસાઇઃ- ૦૭-૧૦-૨૦૨૧-નવસારી, ૦૮-૧૦-૨૦૨૧-સુરત શહેર, ૦૯-૧૦-૨૦૨૧-પારડી

૦૭) માન.મંત્રીશ્રી કિરીટસિંહ રાણાઃ- ૦૩-૧૦-૨૦૨૧-લીમડી, ૦૭-૧૦-૨૦૨૧-જામનગર જીલ્લો, ૦૮-૧૦-૨૦૨૧-જામનગર શહેર

૦૮) માન.મંત્રીશ્રી નરેશભાઈ પટેલઃ- ૩૦-૦૯-૨૦૨૧-સુરત જીલ્લો, ૦૧-૧૦-૨૦૨૧-વલસાડ, ૦૨-૧૦-૨૦૨૧-નવસારી

૦૯) માન.મંત્રીશ્રી પ્રદીપસિંહ પરમારઃ- ૦૭-૧૦-૨૦૨૧-બનાસકાંઠા, ૦૮-૧૦-૨૦૨૧-કચ્છ, ૧૦-૧૦-૨૦૨૧-અસારવા

૧૦) માન.મંત્રીશ્રી અર્જુનસિંહ ચૌહાણઃ- ૦૩-૧૦-૨૦૨૧-મહેમદાબાદ, ૦૭-૧૦-૨૦૨૧-આણંદ, ૦૮-૧૦-૨૦૨૧-પંચમહાલ

૧૧) માન.મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીઃ-૦૩-૧૦-૨૦૨૧-મજુરા, ૦૭-૧૦-૨૦૨૧-વડોદરા શહેર (અકોટા વિધાનસભા), ૦૮-૧૦-૨૦૨૧-કર્ણાવતી શહેર

૧૨) માન.મંત્રીશ્રી જગદીશભાઈ પંચાલઃ- ૦૭-૧૦-૨૦૨૧-ખેડા, ૦૮-૧૦-૨૦૨૧-ગાંધીનગર જીલ્લો (સાંજે ૦૬:૦૦ સુધી), ગાંધીનગર શહેર (સાંજે ૦૬:૦૦ થી રાત્રિ ભોજનસુધી), ૦૯-૧૦-૨૦૨૧-નિકોલ

૧૩)માન.મંત્રીશ્રી બ્રિજેશભાઈ મેરજાઃ-૦૩-૧૦-૨૦૨૧-મોરબી, ૦૭-૧૦-૨૦૨૧-પોરબંદર, ૦૮-૧૦-૨૦૨૧-સુરેન્દ્રનગર

૧૪) માન.મંત્રીશ્રી જીતુભાઈ ચૌધરીઃ- ૩૦-૦૯-૨૦૨૧-તાપી, ૦૧-૧૦-૨૦૨૧-સુરત જીલ્લો, ૦૨-૧૦-૨૦૨૧-ડાંગ(સાંજ સુધી), સાંજે કપરાડા, ૦૩-૧૦-૨૦૨૧-કપરાડા

૧૫) માન.મંત્રીશ્રી મનીષાબેન વકીલઃ- ૩૦-૦૯-૨૦૨૧-મહીસાગર, ૦૧-૧૦-૨૦૨૧-આણંદ, ૦૨-૧૦-૨૦૨૧-વડોદરા શહેર (વાડી શહેર અને માંજલપુર)

૧૬) માન.મંત્રીશ્રી મુકેશભાઈ પટેલઃ- ૦૩-૧૦-૨૦૨૧-ઓલપાડ, ૦૭-૧૦-૨૦૨૧-વલસાડ, ૦૮-૧૦-૨૦૨૧-નવસારી

૧૭) માન.મંત્રીશ્રી નીમીશાબેન સુથારઃ- ૩૦-૦૯-૨૦૨૧-છોટા-ઉદેપુર, ૦૧-૧૦-૨૦૨૧-પંચમહાલ, ૦૨-૧૦-૨૦૨૧-મોરવા હડફ

૧૮) માન.મંત્રીશ્રી અરવિંદભાઈ રૈયાણીઃ- ૦૩-૧૦-૨૦૨૧-રાજકોટ પૂર્વ, ૦૭-૧૦-૨૦૨૧-મોરબી, ૦૮-૧૦-૨૦૨૧-બોટાદ

૧૯) માન.મંત્રીશ્રી ડૉ.કુબેરભાઈ ડિંડોરઃ- ૩૦-૦૯-૨૦૨૧-અરવલ્લી, ૦૧-૧૦-૨૦૨૧-દાહોદ, ૦૨-૧૦-૨૦૨૧-સંતરામપૂર

૨૦) માન.મંત્રીશ્રી કીર્તિસિંહ વાઘેલાઃ- ૩૦-૦૯-૨૦૨૧-સાબરકાંઠા, ૦૧-૧૦-૨૦૨૧-મહેસાણા, ૦૨-૧૦-૨૦૨૧-કાંકરેજ

૨૧) માન.મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ પરમારઃ- ૩૦-૦૯-૨૦૨૧-પાટણ, ૦૧-૧૦-૨૦૨૧-બનાસકાંઠા, ૦૨-૧૦-૨૦૨૧-પ્રાંતિજ

૨૨) માન.મંત્રીશ્રી રાઘવજીભાઇ મકવાણાઃ- ૩૦-૦૯-૨૦૨૧-જુનાગઢ જીલ્લો, ૦૧-૧૦-૨૦૨૧-ગીર-સોમનાથ, ૦૨-૧૦-૨૦૨૧-અમરેલી

૨૩) માન.મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયાઃ- ૩૦-૦૯-૨૦૨૧-ભાવનગર જીલ્લો, ૦૧-૧૦-૨૦૨૧-બોટાદ, ૦૨-૧૦-૨૦૨૧-કતારગામ

૨૪) માન.મંત્રીશ્રી દેવાભાઈ માલમઃ-૩૦-૦૯-૨૦૨૧-અમદાવાદ જીલ્લો, ૦૧-૧૦-૨૦૨૧-ભાવનગર જીલ્લો,

## ભાજપ પાસે નિયત અને વિઝન બન્ને નથી - દિલ્હીના ઉપમુખ્યમંત્રી શ્રી મનીષ સીસોદીયા



ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે મનીષ સિસોદિયાજી એ ગાંધીનગરની મુલાકાત લીધી હતી તેમણે પ્રેસને સંબોધતા નીચેની મહત્વની વાત ઉલ્લેખી હતી,

૧)અમને જયારે દિલ્હીની જનતાએ ચૂંટણી જીતાડી ત્યારે જેવો લોકજુવાળ જનસમર્થન દેખાતું હતું તેવું આજે મને ગાંધીનગર ખાતે દેખાઈ રહ્યું છે જે પરથી સ્પષ્ટ પણે લાગી રહ્યું છે કે ગાંધીનગર ની જનતા અમને જીતાડશે

૨)ગાંધીનગરની પ્રજાએ અગાઉ પણ ભાજપ પરથી વિશ્વાસ ગુમાવ્યો છે પરંતુ તેના બદલામાં કોંગ્રેસ પણ ક્યારેય એમના વિશ્વાસ પર ખરી ઉતરી નથી શકી પરંતુ હવે ગાંધીનગરની પ્રજા પાસે આમ આદમી પાર્ટી જેવો યોગ્ય વિકલ્પ છે

૩)અગાઉની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સૂરતનાં લોકોએ અમારી પર વિશ્વાસ મુક્યો હતો અને આજે સૂરતની પ્રજા ખૂબ ખુશ છે આજે તે લોકો જાણી શક્યા છે કે ખરેખર એક કોર્પોરેટર ના શુ કાર્ય હોય છે કોર્પોરેટર ઈચ્છે તો પ્રજાના કેટલા કામો સરળ કરી શકે છે

૪) સાથે સાથે મનીષ સીસોદીયાજી એ કોરોના અંગે સરકારને પણ આડે હાથે લીધી હતી તેમણે કહ્યું હતું કે ગુજરાત સરકાર કોરોના અંગે પોતાની નિષ્ફળતા સ્વીકારવા તૈયાર નથી. આમ આદમી પાર્ટી ગાંધીનગર મ્યુનિસિપાલિટી માં સત્તામાં આવશે તો ગાંધીનગરમાં પ્રાઈવેટ સ્કૂલો કરતા અહીંની સરકારી શાળાઓ વધુ સુંદર અને સગવડ ભરેલ હશે.

બાબાસાહેબનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે બાબસાહેબના રચેલ સંવિધાનમાં નગરનિગમના રહેવાસીઓને પ્રાથમિક સુવિધાઓ મળવી જ જોઈએ. તેમણે વેધક સવાલ કર્યો હતો કે ૨૭ વર્ષથી બીજેપીની સરકાર હોવા છતાં લોકો આ સુવિધાઓથી વંચિત કેમ છે? આજે આમ આદમી પાર્ટીના લીધે બીજેપીના લોકોનો આત્મવિશ્વાસ ડગ્યો છે.

તેમણે દિલ્હીમાં આમ આદમી પાર્ટી કેવી સુંદર વ્યવસ્થા સાથે કામ કરે છે તે વાત હોસ્પિટલોમાં તથા આરોગ્ય સંકુલોમાં કોઈ પણ બાબતનો ડર રાખ્યા વગર લોકો તેમના હકનો લાભ મેળવી શકે છે તેના ઉદાહરણ દ્વારા સમજાવી.

સાથે સાથે તેમણે ગાંધીનગરની જનતાને પોતાની અને અરવિંદ કેજરીવાલ વતી વિનંતી કરતાં ઉમેર્યું હતું કે હું ગાંધીનગરની જનતાને વિનંતી કરું છું કે તમારા વોટથી તમે અમારી પર ભરોસો મૂકી ગાંધીનગરની તસ્વીર બદલવા સક્ષમ છો, તો અમને એક મોકો આપી ગાંધીનગરને ખરા અર્થમાં સમૃદ્ધ બનાવીએ.

મનીષજી ના પ્રવાસ દરમ્યાન પેથાપુર, ગાંધીનગરમાં એક રોડશો પણ યોજાયું, જેમાં આપ ગુજરાતના નેતાઓ મનીષજી સહિત પેથાપુર ચોકડી થી રામાપીર મંદિર, પેથાપુર સુધી લોકોને અભિવાદન કરવામાં આવ્યું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.